# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #1

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.


## ધ્વનિ વડે આનંદ

શબ્દો ધ્વનિના બનેલા હોય છે. તમે જે શબ્દો જાણતા હોવ તે વિવિધ ધ્વનિઓના બનેલા હોય છે તેમના વિશે વિચારો.

1. તમારી આસપાસની એક વસ્તુ પસંદ કરો.
2. તમારા બાળકને તે વસ્તુ જણાવો.
3. તે શબ્દને ધ્વનિને આધારે ભાગમાં વહેંચો.
4. તમારા બાળકને તેણે જે સૌથી પહેલા અને છેલ્લે સાંભળેલા ધ્વનિ જણાવવા કહો.

**ઉદાહરણ:** આ એક કપ છે. ધ્વનિઓ આ પ્રમાણે છે: /ક/ /પ/. પહેલો ધ્વનિ છે /ક/.

છેલ્લો ધ્વનિ છે /પ/.




## લિસનિંગ લેબ

મોટેથી વાંચવું અથવા વાર્તા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

| | |
|---|---|
| **રહસ્ય** | **પારિવારિક વાર્તા** |
| **સંદેશ ધરાવતી એક વાર્તા** | **બાળપણની વાર્તા** |
| **રમૂજી વાર્તા** | **સમાચારપત્રની વાર્તા** |

ત્યારબાદ આ પ્રશ્નો પૂછો:

- કેટલા _____ છે?
- ___ નો રંગ ક્યો છે?
- ____નું કદ શું છે?
- ____ નો આકાર શું છે?
- વાર્તા મુખ્યત્વે શેના વિશે છે?
- તમારા મનમાં શું વિચાર આવે છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**


દડાનો રંગ ક્યો છે? તે લાલ છે.

## તેનો અભિનય કરો

1. સૂચિમાંથી એક પ્રવૃત્તિ પસંદ કરો.
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

શું તમે નાચી રહ્યાં છો? તમે નાચી રહ્યાં છો!




Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #1

## આગળ વધો


તમારા બાળક સાથે ઘરની બહાર નીકળો. તમને દેખાતી હોય તેવી વસ્તુઓ વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તે બધી શું છે?
- તેનું કદ કેટલું છે?
- તેનો આકાર શું છે?
- તેનો રંગ ક્યો છે?
- તે કેટલા છે?
- તમને શું દેખાય છે?

## ફોટો બૂથ

બે ચિત્રોની સરખામણી કરો: તમારું માનીતું પ્રાણી અને તમારા બાળકનું માનીતું પ્રાણી. શું સમાન છે અને શું અલગ છે તે વિશે વાત કરો.

તમે આમની સરખામણી પણ કરી શકો...




## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી એવી વસ્તુઓ દોરો જે **લાલ** હોય.
3. ત્યાર બાદ એક બીજાને ચિત્રો વિશે પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

| | |
|---|---|
| **આ શું છે?** | **તે બધા શું છે?** |
| **તેનું કદ કેટલું છે?** | **તેઓ ક્યા કદના છે?** |
| **તેનો આકાર શું છે?** | **તેઓ કયા આકારના છે?** |

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
આ એક સફરજન છે.
તે નાનું છે.
તે ગોળ છે.

ત્યાર પછીની વખતે, એક અલગ રંગ પસંદ કરો.



## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી મનમાં એક વસ્તુ પસંદ કરે છે જે દરેકને દેખાતી હોય અને ત્યારબાદ તે વસ્તુને વર્ણવવા માટે કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ** **સ્થળ** **કદ**

**ઉદાહરણ:**
મને ટેબલ ઉપર કંઈક દેખાય છે.
મને કંઈક કેસરી રંગનું દેખાય છે.
મને કંઈક નાનું દેખાય છે.
મને કંઈક ગોળ દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #2

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## ધ્વનિવિડે આનંદ

સામાસિક (સંયુક્ત) શબ્દો બે નાના શબ્દોના બનેલા હોય છે. એવા શબ્દો વિશે વિચારો જે એક સામાસિક શબ્દ બનાવવા માટે સાથે જોડવામાં આવેલા હોય છે.

1. નિમ્નલિખિત સામાસિક શબ્દોમાંથી એક પસંદ કરો:

| | | |
|---|---|---|
| **બટરફ્લાય** | **ફ્લેગપૉલ** | **રેઇનબૉ** |
| **કાર્ટવ્હીલ** | **હૉટડોગ** | **સ્ટારફિશ** |
| **ઇઅરરિંગ** | **મિલ્કશેક** | **સનફ્લાવર** |
| **ફાયરફ્લાય** | **પિજન** | **ટાઇમલાઇન** |

2. તમારા બાળકને તે શબ્દ જણાવો.
3. તમારા બાળકને તે શબ્દને તેના બે નાના શબ્દોમાં છૂટો પાડવા કહો.
4. દરેક નાના શબ્દ અને મોટા સામાસિક શબ્દના અર્થ વિશે વાત કરો

**ઉદાહરણ:**
કરોળિયાનું જાળું



## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

**સૂચકો:**

- તમે સ્કૂલ ખાતે શું કરો છો તે વર્ણવો.
- તમે શું માનો છો, _______ કેવું હશે?
- શું તમને _______ પસંદ છે?
- જો તમે _____ અથવા _____ કરી શકતા હોત, તો તમે કયું પસંદ કર્યું હોત?
- આપણે આ વીકઍન્ડમાં કરી શકીએ એવી બે પ્રવૃત્તિઓ સૂચવો.
- આપણે _____ કેવી રીતે પહોંચીએ તે વર્ણવો.

આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર નીકળો. તમને દેખાતી હોય તેવી વસ્તુઓ વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તમારું _____ ક્યાં છે?
- તે ત્યાં કેવી રીતે જાય છે?
- તેઓ/આ શું છે?
- તેઓ/આ કોના _____ છે?
- કેટલા _____ છે?

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #2

## તેનો અભિનય કરો

1. સૂચિમાંથી એક પ્રવૃત્તિ પસંદ કરો:

| | |
|---|---|
| **ચિત્રકામ** | **રમત રમવી** |
| **બેકિંગ** | **ફળ ખાવું** |
| **શીખવું** | **સંગીત રચવું** |

2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

શું તમને બેઝબૉલ રમવું પસંદ છે?

હા, મને બેઝબૉલ રમવું પસંદ છે.

## ફોટો બૂથ

તમારા બાળક સાથે એક રોજિંદા પ્રવૃત્તિ પૂરી કરો, જેમકે રસોઈ કરવી. પ્રવૃત્તિની શરૂઆતમાં, વચ્ચે, અને અંતે ફોટા પાડો.

ત્યારબાદ, પ્રવૃત્તિના ભાગોને ક્રમમાં ગોઠવવા માટે ચિત્રોનો ઉપયોગ કરો. તમારા બાળકને પહેલું, ત્યારપછીનું, ત્યારબાદ, આખરે, અને છેવટે જેવા શબ્દોનો ઉપયોગ કરવા માટે પ્રેરો.

આજમાવી શકાય તેવી રોજિંદા પ્રવૃત્તિઓ:

- **કાર, થાળીઓ, અથવા કપડાં ધોવા**
- **કચરો કચરાપેટીમાં મૂકવા જવો**
- **શાળાએ જવા તૈયાર થવું**
- **ઊંઘવા જવાની તૈયારી કરવી**

## આર્ટ સ્ટુડિયો

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી એવી વસ્તુઓ દોરો જે **મોટી** અને **નાની** હોય.
3. દરેક વારા પછી, કઈ વસ્તુ દોરી છે તેના વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- આ શું છે? તે બધા શું છે?
- તેનું કદ કેટલું છે? તેઓ ક્યા કદના છે?
- કેટલા _____ છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

આ બૂટની એક જોડી છે.

તે મોટાં છે.

બે મોટા બૂટ છે.



## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરૂઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ પસંદ કરે છે જે દરેકને દેખાતી હોય અને તે વસ્તુને વર્ણવવા માટે કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ** **સ્થળ** **કદ**

**ઉદાહરણ:**

મને સ્ટ્રીટમાં કંઈક દેખાય છે.

મને સ્ટ્રીટના વળાંક પાસે કંઈક દેખાય છે.

મને કંઈક મોટું દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #3

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## વાત જણાવો

સારા વક્તાઓ તેઓ વાંચતા હોય ત્યારે તેમનો અવાજ નૈસર્ગિક રાખે છે, જાણે કે તેઓ વાતચીત કરી રહ્યાં હોય. આ મજેદાર પ્રવૃત્તિ વડે તમારા બાળકને તેના મોઢે બોલવાના ભાષાકીય કૌશલ્યો વિકસાવવામાં મદદ કરો.

1. તેમણે મોટેથી વાંચી સંભળાવવા માટે એક ટૂંકું લખાણ પસંદ કરવા માટે સાથે મળીને કામ કરો.
2. તેમને સ્પષ્ટપણે અને અભિવ્યક્તિ સાથે બોલવાનો મહાવરો કરાવો.
3. ત્યારબાદ, તેમને મિત્રો અને પરિવાર માટે ઑડિઓબુક્સ બનાવવા માટે તેમનું પોતાનું રેકર્ડિંગ કરવા માટે પ્રેરો.

## આગળ વધો

તમારા બાળક સાથે ખરીદી કરવા બહાર જવાનું ગોઠવો. સાથે મળીને, ખરીદી કરવાની વસ્તુઓની સૂચિ બનાવો. તેમને આ સૂચિમાં વસ્તુઓ ઉમેરવા માટે તમને જણાવવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
શું આપણે કૂકિઝ ખરીદી શકીએ?
હા, આપણે કૂકિઝ ખરીદી શકીએ.

જ્યારે તમારી ખરીદી થઈ જાય, ત્યારે શું ખરીદી કરી તે તમને જણાવવા માટે કહો. તેમને પૂરાં વાક્યોનો ઉપયોગ કરવા માટે પ્રેરો. વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત સૂચકોનો ઉપયોગ કરો:

- **આપણે શું ખરીદ્યું?**
- **આપણે ______ ખરીદ્યું.**



## ફોટો બૂથ

બહાર જાઓ અને અલગ-અલગ છોડના ફોટા પાડો. ત્યારબાદ, દરેક છોડના અલગ-અલગ ભાગો વિશે વાત કરો.

તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **શું તે છોડને ફળ આવે છે?**
- **શું તે છોડને શાકભાજી આવે છે?**
- **શું તે છોડમાં કાંટા છે?**
- **શું તે છોડને ફૂલ આવે છે?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.



## સુપર સોર્ટ

1. દરેક ખેલાડી પાસે તાપમાનને આધારે એક વસ્તુ પસંદ કરાવો અથવા ઉપાડાવો.
2. દરેક ખેલાડી જે વસ્તુઓ પસંદ કરે અથવા ઉપાડે તેમની સરખામણી કરો અને તાપમાનના ચડતા ક્રમમાં ગોઠવો (ગરમ, વધુ ગરમ, અને સૌથી વધુ ગરમ).
3. ત્યારબાદ, વસ્તુઓને તાપમાનના ઉતરતા ક્રમમાં ગોઠવો (ઠંડી, વધુ ઠંડી, સૌથી વધુ ઠંડી).

ત્યાર પછીના વખતે, વસ્તુઓને એક અલગ રીતે વર્ગીકૃત કરો:


- **કદ (સૌથી મોટી, સૌથી નાની)**
- **ઝડપ (સૌથી ઝડપી, સૌથી ધીમી)**
- **ઊંચાઈ (સૌથી ઊંચી, સૌથી નીચી)**

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #3

## સ્પર્ધાનો સમય



કાવ્ય સ્પર્ધાની યજમાની કરો! દરેક સ્પર્ધકે ઑનલાઇન એક એવું એક કાવ્ય શોધવું જોઈએ જે કવિએ મોટેથી ગાયું હોય અને એક સ્પર્ધાનું માળખું તૈયાર કરવું જોઈએ - બાસ્કેટબૉલ પ્લેઑફમાં ઉપયોગમાં લેવાય છે તેવું - જેમાં ટીમના નામને બદલે કાવ્યોના શીર્ષકો હોય. દરેક સ્પર્ધકે તે પછી તેમનું કાવ્ય ગાઈ સંભળાવવું જોઈએ. બે સ્પર્ધકોને એકબીજા સામે હરિફાઇમાં ઉતરવા માટે પસંદ કરવા જોઈએ. પરિવારના સભ્યો એ મત આપીને સ્પર્ધાના વિજેતા નક્કી કરવા જોઈએ.

## લિસનિંગ લેબ

મોટેથી વાંચવું અથવા વાર્તા કહેવી. તમે આ વિશે વાત કરી શકો:

| | |
|---|---|
| **એક રસપ્રદ સ્થળ** | **પ્રાણીઓ** |
| **તમે રહો છો તે દેશ** | **એક શોધ કરનાર (ઇન્વેન્ટર)** |
| **સમુદાયને મદદ કરવી** | **ઇતિહાસમાંની કોઈ વ્યક્તિ** |

ત્યારબાદ આ પ્રશ્નો પૂછો:

- _____ શા માટે એક _____ બન્યા?
- _____ કેટલી વખત આમ કરે છે?
- ______ એ _____ કેમ કરવું પડે છે?
- _____ ને ______ વિશે કેવી લાગણી થઈ?
- _____ હવે પછી _____ શું કરી રહી/રહ્યો/રહ્યાં છે?
- પહેલાં/છેલ્લે શું થયું?
- વાર્તા મુખ્યત્વે શેના વિશે છે?
- તમારા મનમાં શું વિચાર આવે છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
એલેન ઓચો શા માટે એક અવકાશયાત્રી બન્યા?
તેણી એક અવકાશયાત્રી બની કારણ કે તે અવકાશને જાણવા માંગતી હતી.



## આર્ટ સ્ટુડિયો

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી તમે તે સવારે/બપોરે/સાંજે તમે શું કર્યું તેનું ચિત્ર દોરો.
3. દરેક વારા પછી, ચિત્રો વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:
   - **તમારી સવાર/બપોર/સાંજ કેવી રહી હતી?**
   - **તમે શું કર્યું હતું?**
   - **તમને _____ વિશે કેવી લાગણી થઈ?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
મને શોમાં ખૂબ મજા પડી હતી.
હું મારા માનીતી ગાયિકાને ગાતા જોવા ગયો હતો/ગઈ હતી.
હું તેણીને નજરોનજર ગાતી જોવા વિશે ખૂબ રોમાંચિત હતો/હતી.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #4

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## કામ પહેલાં પૂરું કરવું

1. એકપછી એક વારામાં આ પ્રશ્નો પૂછો:
   - **તમે એક પુસ્તક વાંચવાનું પસંદ કરશો કે ટીવી જોવું?**
   - **તમે ખરીદી કરવા જવાનું પસંદ કરશો કે પાર્કમાં જવાનું?**
   - **તમે સંગીત સાંભળવું પસંદ કરશો કે વિડીયો જોવાનું?**
   - **તમને ઉડવાનું ગમશે કે અનોખી ઝડપ ધરાવવી ગમશે?**
   - **તમને દરિયો ખેડવાનું ગમશે કે પહાડો ખૂંદવાનું?**
   - **તમને એક પાંડા સાથે રમવાનું ગમશે કે એક સિંહ સાથે?**
2. એક ખેલાડીને 30 સેકન્ડમાં શક્ય તેટલા વધારે પ્રશ્નોનો જવાબ આપવા કહો.
3. ખેલાડીઓએ પ્રશ્નનો જવાબ પૂરાં વાક્યમાં આપવો જોઈએ.

**ઉદાહરણ:**
તમે દરિયામાં તરવાનું પસંદ કરશો કે પછી એક પૂલ (તરણકુંડ)માં?
હું દરિયામાં તરવાનું પસંદ કરીશ.

હવે પછીના વખતે, તમારા પોતાના પ્રશ્નોનો સેટ તૈયાર કરો!

## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

સૂચકો:
- આવતા અઠવાડિયે _____ શું કરી રહ્યાં છે?
- મધમાખી અને ચામાચિડિયામાં શું સમાનતા છે?
- શું ઓગણીસમી સદી (1800 વાળા વર્ષો)માં લોકો કાર ચલાવતા હતા?
- શું શોધ કરનારાઓ એકબીજાના વિચારો પર આગળ વધતા હોય છે?
- કોઈ આકાર રૉમ્બસ (સમબાજચતુષ્કોણ) છે કે, ક્વોડ્રલિટ્રલ (ચતુષ્કોણ) છે, અથવા ત્રિકોણ છે તે તમે કેવી રીતે જાણી શકો?
- તમે ઘોડા વિશે વાંચવાનું પસંદ કરશો કે જિરાફ વિશે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો. આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

## વાત જણાવો

તમે, પરિવારના કોઈ સભ્ય, અથવા કોઈ મિત્ર અન્ય કોઈ જગ્યાએ રહેવા ગયા હોય (સ્થળાંતર કર્યું હોય) તે સમય વિશે તમારા બાળક સાથે વાત કરો. તમારા બાળકને તે સ્થળાંતર વિશે વધુ જાણવા માટે તેમની સાથે વાતચીત કરવામાં મદદ કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:



- **તમે _____ થી _____ ક્યારે સ્થળાંતર કર્યું?**
- **_______ અને _______ કેવી સમાનતા ધરાવે છે?**
- **_______ અને _______ કેવી ભિન્નતા ધરાવે છે?**
- **_______ ને શું થયું તેની સમજૂતી આપો.**

હવે પછીના વખતે, ભવિષ્યની કોઈ સફર કે સ્થળાંતર વિશે વાત કરો!

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #4

## તેનો અભનિય કરો

1. સૂચમિાંથી એક પ્રવૃત્તપિસંદ કરો:
   - **રમત રમવી**
   - **ફલ્મિ જોવા અથવા કોન્સર્ટમાં જવું**
   - **મત્રિ અથવા પરવિારના સભ્યની મુલાકાત લેવી**
   - **કોઈ ઉત્સવમાં ભાગ લેવો**
   - **ડૉક્ટર પાસે જવું**
   - **ખરીદી કરવા જવું**
2. એક ખેલાડી પાસે તેનો અભનિય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તશિું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**
સારા આવતા અઠવાડયિે શું કરી રહી છે? તે આવતા અઠવાડયિે ડૉક્ટર પાસે જવાની છે.

હવે પછીના વખતે, તમે આવતા મહનિે અથવા આવતા વર્ષે શું કરશો તે વશિે વાત કરો!


## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

Gબહાર જાઓ અને શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ અથવા પ્રાણી પસંદ કરે છે જે દરેકને દેખાતી/દેખાતું હોય અને તેને **વર્ણવતી** કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ અથવા પ્રાણી શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ**
**બહારની સપાટીની છાપ** **સ્થાન** **કદ**
**લાક્ષણિકતાઓ**

**ઉદાહરણ:**
મને કંઈક રુંવાટીવાળું દેખાય છે.
મને કંઈક ચાર પગવાળું દેખાય છે.
મને ઝાડ ઉપર રહેતું હોય તેવું કંઈક દેખાય છે.




## ધ્વનવિડે આનંદ

શબ્દો ધ્વનનિા બનેલા હોય છે. તમે જે શબ્દો જાણતા હોવ તે વવિધિ ધ્વનઓિના બનેલા હોય છે તેમના વશિે વચિારો.

1. તમારી આસપાસનો એક આકાર પસંદ કરો.
2. તમારા બાળકને તે આકાર જણાવો.
3. તે શબ્દને ધ્વનનિે આધારે ભાગમાં વહેંચો.
4. તમારા બાળકને તેણે જે સૌથી પહેલા અને છેલ્લે સાંભળેલા ધ્વનિ જણાવવા કહો.

**ઉદાહરણ:** આ એક સમચતુર્ભુજ છે. ધ્વનઓિ આ પ્રમાણે છે: /સ/ /મ/ /ચ/ /ત/ /ભ/ /જ/. પહેલો ધ્વનછિે /સ/. છેલ્લો ધ્વનછિે /જ/.




## સુપર સોર્ટ

1. દરેક ખેલાડીને બે પ્રાણીઓ પસંદ કરવા અથવા દોરવા માટે કહો.
2. દરેક ખેલાડીએ પ્રાણીઓની સરખામણી પૂરાં વાક્યમાં કરવી જોઈએ:
3. ત્યારબાદ, ખેલાડીઓએ તેમના પસંદ કરેલા પ્રાણીઓમાંથી એકની અદલાબદલી બીજા એક ખેલાડી સાથે કરવાની હોય છે અને બધાનો વારો આવી જાય ત્યાં સુધી રમત ચાલુ રાખવાની હોય છે.

**ઉદાહરણ:**
ઊડતાં કીટકો અને ચામાચડિયાં એકબીજાને મળતાં આવે છે કારણ કે બંનેને પાંખો હોય છે.

હવે પછીના વખતે, આમની સરખામણી કરો:

**દેશો** **ફળો** **ફૂલો**
**રમતો** **વાહનો** **ઋતુઓ**



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #5

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## વાત જણાવો

તમે જે વિસ્તારમાં રહો છે તેને પ્રભાવિત કરી શકે તેવી કુદરતી આપત્તિઓ વિશે તમારા બાળક સાથે વાત કરો. કોઈ કુદરતી આપત્તિ પૂર્વે, તે દરમ્યાન, અને તે પછી તમારો પરિવાર શું કરી શકે તે વિશે સાથે મળીને એક આયોજન તૈયાર કરો. ત્યારબાદ, તમારા બાળકને તે આયોજન પરિવારના બાકીના સભ્યો સમક્ષ પ્રસ્તુત કરવામાં મદદ કરો.

તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નીચે આપેલા પ્રશ્નોનો ઉપયોગ કરો:

- જ્યારે _____ ત્રાટકે ત્યારે શું થાય છે?
- જો તમે _____ કરો તો શું થઈ શકે?
- આપણે [એક] _____ને ક્યાં મૂકવું જોઈએ?

હવે પછીના વખતે, જરૂરિયાતને સમયે તમે સમુદાયને મદદ કરી શકો તે રસ્તાઓ વિશે વાત કરજો.



## લિસનિંગ લેબ

વાર્તા વાંચી સંભળાવવી અથવા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

| | |
|---|---|
| **તમે શીખ્યા હોવ તેવું એક કૌશલ્ય** | **તમે પાર કર્યો હોય તેવો એક પડકાર** |
| **તમે મળ્યા હોવ તેવી એક વ્યક્તિ તમે** | **એક રસપ્રદ સ્થળ** |
| **રહો છો તે દેશ** | **સમુદાયને મદદ કરવી** |
| **એક ખાસ બનાવ** | **તમારી માનીતી રમત** |

ત્યારબાદ નીચે આપેલી સૂચિમાંથી પ્રશ્નો પૂછો:

- _____ ક્યારે _____?
- જ્યારે _____ થયું ત્યારે શું થયું?
- _____ શું ધરાવે છે?
- મને _____ વિશે જણાવો.

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
મને તમારા કૂતરા વિશે વાત કરો. તે મારી બિલાડી કરતાં વધુ સક્રિય છે.

## કામ પહેલાં પૂરું કરવું

1. વારાફરતી આ વસ્તુઓની સરખામણી કરો:
   - પીઝા અને હેમબર્ગર
   - વિડીયો ગેમ્સ અને બહાર રમવાની રમતો
   - રોલરકોસ્ટર અને રમતના મેદાનો
   - ચિત્તા અને ગોરિલા
2. એક ખેલાડીને બે વસ્તુઓની સરખામણી 30 સેકન્ડમાં કરવા કહો.
3. ખેલાડી બદલો અને તેને ત્યાર પછીની બે વસ્તુઓની સરખામણી 30 સેકન્ડમાં કરવા કહો.
4. ખેલાડીઓએ વસ્તુઓની સરખામણી પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને કરવી જોઈએ.

**ઉદાહરણ:**
પીઝા હેમબર્ગર કરતાં વધારે સારા હોય છે.
પીઝા હેમબર્ગર કરતાં વધારે ચીઝ વાળા હોય છે.
પીઝા હેમબર્ગર કરતાં વધારે સ્વાદિષ્ટ હોય છે.

હવે પછીના વખતે, સરખામણી કરવા માટે વસ્તુઓનો સેટ તમારી રીતે તૈયાર કરો.



Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #5

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર ચાલવા નીકળો. શાળામાં તેમનો દિવસ કેવો રહ્યો તે વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તમે ક્યારે ____?
- જ્યારે _____ થયું ત્યારે તમે શું કર્યું?
- શું _____ હતું/હતા?
- શું ___ થાય/કરે છે?
- શું તે મજેદાર હતું? શું તે મુશ્કેલ હતું?
- મને ______ વિશે જણાવો.

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

જ્યારે રીસેસ પડી હતી ત્યારે તમે શું કર્યું હતું? જ્યારે મારી રીસેસ હતી ત્યારે હું સોકર રમતો હતો/રમતી હતી.




## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી અલગ-અલગ છાપ દોરો.
3. દરેક વારા પછી, છાપ વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:
   - તમે શું દોર્યું તે વિશે મને જણાવો.
   - તમને કઈ છાપ દેખાય છે?
   - આ છાપમાં હવે પછીની વસ્તુ કઈ છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**



## ફોટો બૂથ

તમારા બાળક સાથે એક રોજિંદા પ્રવૃત્તિ પૂરી કરો, જેમકે રસોઈ કરવી. પ્રવૃત્તિ દરમ્યાન ફોટા પાડો. ત્યારબાદ, ફોટાનો ઉપયોગ પ્રક્રિયાને વર્ણવવા માટે કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- જ્યારે તમે શરુ કરો ત્યારે શું બહાર કાઢી રાખવું જરૂરી છે?
- આ સામગ્રીનું નામ શું છે?
- જો હું _____ કરું તો શું થઈ શકે?
- જ્યારે મેં _____ કર્યું ત્યારે શું થયું હતું?
- મને ______ વિશે જણાવો.

તેમને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

જ્યારે મેં સ્ટવ (ચૂલા) પર ગરમી ઘટાડી ત્યારે શું થયું? જ્યારે તમે સ્ટવ પર ગરમી ઘટાડી ત્યારે પાણી ઉકળતું બંધ થયું.

## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ અથવા પ્રાણી પસંદ કરે છે જે બધાને દેખાતું હોય અને ત્યારબાદ તેને અન્ય વસ્તુઓ અથવા પ્રાણીઓ સાથે સરખાવી અને ભેદ પાડીને તેને વર્ણવતી હોય તેવી કડીઓ આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ અથવા પ્રાણી શું છે તેનું અનુમાન કરવાનું હોય છે.

સરખામણી કરતી અને ભેદ પાડતી વસ્તુઓ:

**રંગ** **આકાર** **કદ** **લાક્ષણિકતાઓ**

**ઉદાહરણ:**

મને આકાશ જેવું જ ભૂરું કંઈક દેખાય છે.
મને ખુરશી કરતાં મોટું કંઈક દેખાય છે.
મને કરોળિયા કરતાં વધુ ડરામણું કંઈક દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #6

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.


## ધ્વનિ વડે આનંદ

શબ્દો ધ્વનિના બનેલા હોય છે. તમે જે શબ્દો જાણતા હોવ તે વિવિધ ધ્વનિઓના બનેલા હોય છે તેમના વિશે વિચારો.

1. તમારી આસપાસની એક વસ્તુ પસંદ કરો.
2. તમારા બાળકને તે વસ્તુ જણાવો.
3. તે શબ્દને ધ્વનિને આધારે ભાગમાં વહેંચો.
4. તમારા બાળકને તેણે જે સૌથી પહેલા અને છેલ્લે સાંભળેલા ધ્વનિ જણાવવા કહો.

**ઉદાહરણ:** આ એક કપ છે. ધ્વનિઓ આ પ્રમાણે છે: /ક/ /પ/. પહેલો ધ્વનિ છે /ક/.

છેલ્લો ધ્વનિ છે /પ/.




## લિસનિંગ લેબ

મોટેથી વાંચવું અથવા વાર્તા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

| | |
|---|---|
| રહસ્ય | પારિવારિક વાર્તા |
| સંદેશ ધરાવતી એક વાર્તા | બાળપણની વાર્તા |
| રમૂજી વાર્તા | સમાચારપત્રની વાર્તા |

ત્યારબાદ આ પ્રશ્નો પૂછો:

- કેટલા ____ છે?
- ___ નો રંગ ક્યો છે?
- ___નું કદ શું છે?
- ___ નો આકાર શું છે?
- વાર્તા મુખ્યત્વે શેના વિશે છે?
- તમારા મનમાં શું વિચાર આવે છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**


દડાનો રંગ ક્યો છે? તે લાલ છે.

## તેનો અભિનય કરો

1. સૂચિમાંથી એક પ્રવૃત્તિ પસંદ કરો.
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

શું તમે નાચી રહ્યાં છો? તમે નાચી રહ્યાં છો!




Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #6

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર નીકળો. તમને દેખાતી હોય તેવી વસ્તુઓ વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તે બધી શું છે?
- તેનું કદ કેટલું છે?
- તેનો આકાર શું છે?
- તેનો રંગ ક્યો છે?
- તે કેટલા છે?
- તમને શું દેખાય છે?

## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી એવી વસ્તુઓ દોરો જે **લાલ** હોય.
3. ત્યાર બાદ એક બીજાને ચિત્રો વિશે પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

| | |
|---|---|
| **આ શું છે?** | **તે બધા શું છે?** |
| **તેનું કદ કેટલું છે?** | **તેઓ ક્યા કદના છે?** |
| **તેનો આકાર શું છે?** | **તેઓ કયા આકારના છે?** |

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
આ એક સફરજન છે.
તે નાનું છે.
તે ગોળ છે.


ત્યાર પછીની વખતે, એક અલગ રંગ પસંદ કરો.



## ફોટો બૂથ

બે ચિત્રોની સરખામણી કરો: તમારું માનીતું પ્રાણી અને તમારા બાળકનું માનીતું પ્રાણી. શું સમાન છે અને શું અલગ છે તે વિશે વાત કરો.

તમે આમની સરખામણી પણ કરી શકો...




## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી મનમાં એક વસ્તુ પસંદ કરે છે જે દરેકને દેખાતી હોય અને ત્યારબાદ તે વસ્તુને વર્ણવવા માટે કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ** **સ્થળ** **કદ**

**ઉદાહરણ:**
મને ટેબલ ઉપર કંઈક દેખાય છે.
મને કંઈક કેસરી રંગનું દેખાય છે.
મને કંઈક નાનું દેખાય છે.
મને કંઈક ગોળ દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #7

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું દૃઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

**સૂચકો:**

- **એ વર્ણવો કે ______ એ _____ ખાતે શું કરે છે.**
- **આ વર્ષે મુલાકાત લેવા માટે બે સ્થળો સૂચવો.**
- **_____ એ _____ની પ્રેક્ટિસ ક્યાં કરે છે?**
- **_____ કેટલી વારંવાર _____ જાય છે?**
- **હવે પછી _____ શું કરી રહ્યાં છે?**

આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!



## લિસનિંગ લૅબ

વાર્તા વાંચી સંભળાવવી અથવા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

- **તમારા/તમારા બાળકના જીવનમાં એક અગત્યની વ્યક્તિ**
- **તમે જેમના વિશે સાંભળ્યું હોય તેવી એક રસપ્રદ વ્યક્તિ**
- **તમારા બાળપણની એક યાદગીરી**
- **એક આશ્ચર્યજનક અથવા રમૂજી બનાવ**
- **તમને કોઈએ મદદ કરી હોય તેવી ઘટના**

ત્યારબાદ નીચે આપેલી સૂચિમાંથી પ્રશ્નો પૂછો:

- **શા માટે _____?**
- **_____ ક્યારે બન્યું?**
- **જ્યારે/જે દરમ્યાન ______ ત્યારે શું થયું હતું?**
- **તમને ______ વિશે શું ગમે તે વર્ણવો.**
- **મને _____ વિશે જણાવો.**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

તે વૈજ્ઞાનિક શા માટે બની? તે એક વૈજ્ઞાનિક બની હતી કારણ કે તેને કોયડાઓ (પઝલ) ઉકેલવા ગમતા હતા.

## સ્પર્ધાનો સમય

પ્રવૃત્તિઓની સ્પર્ધાની યજમાની કરો! દરેક ખેલાડીએ પરિવાર એકસાથે મળીને કરી શકે તેવી પ્રવૃત્તિઓની એક સૂચિ વિશે વિચારવિમર્શ કરવો જોઈએ. સ્પર્ધાનું એક માળખું તૈયાર કરો-બાસ્કેટબૉલ પ્લેઑફમાં ઉપયોગમાં લેવાય છે તેવું-જેમાં ટીમના નામને બદલે પ્રવૃત્તિઓ હોય.

બે સ્પર્ધકોને એકબીજાની સામે હરિફાઇમાં ઉતરવા માટે પસંદ કરવા જોઈએ. ખેલાડીઓએ એકબીજાને વારાફરતી આ પૂછવું જોઈએ: **તમે _____ પસંદ કરશો કે _____ ?**

ખેલાડીઓએ એ સમજૂતી આપવી જોઈએ કે તેઓ એવું શા માટે વિચારે છે કે પરિવારે તેમની પ્રવૃત્તિ કરવી જોઈએ.

જ્યારે તમામ પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેવાઈ જાય, ત્યારે પરિવારના સભ્યો જીતેલી પ્રવૃત્તિ માટે મત આપશે અને ત્યારબાદ સાથે મળીને તે કરશો!

**ઉદાહરણ:**

તમે પુસ્તકાલય જવાનું પસંદ કરશો કે સંગીત સાંભળવો? હું પુસ્તકાલય જવાનું પસંદ કરીશ કારણ કે ત્યાં એક પુસ્તક છે જે મારે વાંચવું છે.

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #7

## કામ પહેલાં પૂરું કરવું

1. વારાફરતી આ શ્રેણીઓનું વર્ણન કરો:

| | |
|---|---|
| **વૃક્ષો** | **રમતો** |
| **શહેરો** | **પરિવારો** |
| **પ્રાણીઓ** | **શાકભાજી** |

2. એક ખેલાડીને 30 સેકન્ડમાં પ્રથમ શ્રેણીનું વર્ણન કરવા કહો.
3. ખેલાડી બદલો અને તેને ત્યાર પછીની શ્રેણી 30 સેકન્ડમાં વર્ણવવા કહો.
4. ખેલાડીઓએ દરેક શ્રેણીનું વર્ણન કરવા માટે પૂરાં વાક્યોનો ઉપયોગ કરવો જોઈએ.

**ઉદાહરણ:**

વૃક્ષો હંમેશા મૂળ અને શાખાઓ ધરાવે છે. વૃક્ષો ક્યારેક ફૂલો અને ફળ ધરાવે છે.

## ધ્વનિ વડે આનંદ


અંગ્રેજીમાં, આપણે ઘણીવખત કોઈ ક્રિયા સૂચવતા શબ્દની પાછળ **-ing** ઉમેરીએ છીએ જેનાથી તે કોઈ પ્રવૃત્તિના નામમાં પરિવર્તિત થઈ જાય છે. ઉદાહરણ તરીકે, ક્રિયા સૂચવતો શબ્દ **run** (દોડવું) running બની જાય છે.

1. પહેલો ખેલાડી બીજા ખેલાડીને કહેવા માટે એક ક્રિયા સૂચક શબ્દ પસંદ કરે છે.
2. તે ખેલાડી તે ક્રિયા સૂચક શબ્દની પાછળ -ing ઉમેરીને તેને એક પ્રવૃત્તિમાં પરિવર્તિત કરે છે.
3. બંને ખેલાડીઓ પ્રવૃત્તિને એકસાથે ભજવી બતાવે છે.

ખેલાડીઓને એક ક્રિયા સૂચક શબ્દ પસંદ કરવા અને -ing ઉમેરવા વારા લેવા દો.

**ઉદાહરણ:**

swim + ing = swimming (તરવું)



## સુપર સોર્ટ

1. ટેબલ પર 5-10 વસ્તુઓ મૂકો.
2. દરેક ખેલાડીએ બે વસ્તુઓ પસંદ કરવી જોઈએ અને નિમ્નલિખિત શબ્દોનો ઉપયોગ કરીને એક પૂર્ણ વાક્યમાં તેમની સરખામણી કરવી જોઈએ:

| | |
|---|---|
| **વધુ નાનું** | **વધુ હલકું** |
| **વધુ મોટું** | **વધુ ભારે** |

3. ત્યારબાદ, ખેલાડીઓએ વસ્તુઓની અદલાબદલી બીજા એક ખેલાડી સાથે કરવાની હોય છે અને બધાનો વારો આવી જાય ત્યાં સુધી રમત ચાલુ રાખવાની હોય છે.
4. એક વાર સરખામણી કરવાનો બધાનો વારો આવી જાય તે પછી, વસ્તુઓને કદ અથવા વજનને આધારે ક્રમમાં ગોઠવવા માટે એકસાથે કામ કરો.

**ઉદાહરણ:**

**_____ એ _____ કરતાં નાનું છે.**

**_____ એ _____ કરતાં વજનદાર છે.**



## તેનો અભિનય કરો

1. આ સૂચિમાંથી એક પ્રસંગ પસંદ કરો:
   - **જન્મદિવસની પાર્ટી**
   - **પારિવારિક ભોજન**
   - **શાળાનો પહેલો દિવસ**
   - **શાળાનો છેલ્લો દિવસ**
   - **મિત્રોની મુલાકાત લેવી**
   - **ફીલ્ડ ટ્રીપ (પ્રવાસે જવું)**
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને તે પ્રસંગ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

શું તમે એક ભેટ ખોલી રહ્યાં છો? તમે આ ભોજન ક્યારે કર્યું હતું? તમે પ્રવાસે કઈ જગ્યાએ ગયા હતા તે તમે મને બતાવી શકો? આ અંદર થયું હતું કે બહાર?

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #8

Lexia ENGLISH™ LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## તેનો અભિનય કરો

1. આ સૂચિમાંથી એવું કંઈક પસંદ કરો જે ભૂતકાળમાં બન્યું હતું:
   - **એક પારિવારિક સફર**
   - **શાળા ખાતે તાજેતરનો એક દિવસ**
   - **નાનું સરખું કામ કરવા જવું**
   - **મિત્રની મુલાકાત લેવી**
   - **કોઈ રમતની ગેમ અથવા મેચ**
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને ભૂતકાળમાં શું બન્યું હતું તેનો વારાફરતી અંદાજો લગાવવો જોઈએ.
4. કોઈ ખેલાડી પ્રસંગનો સાચો અંદાજો લગાવે તે પછી, નીચેના પ્રશ્નોનો ઉપયોગ કરીને વિગતો ચર્ચો.

**ઉદાહરણ:**

મને તે ગેમ વિશે જણાવો.

તે મજેદાર હતું?

તમે સ્ટોર ક્યારે ગયા હતા?

તમે શાળામાં હતા તે દરમ્યાન શું થયું હતું?

## સ્પર્ધાનો સમય

તમારા પરિવારે ખાસ અવસરોની ઉજવણી ક્યાં કરવી જોઈએ તે નક્કી કરવા માટે એક ટુર્નામેન્ટ યોજો. દરેક ખેલાડીએ પરિવાર જુદાજુદા ખાસ અવસરોને જ્યાં ઉજવી શકે તેવા સ્થળોની સૂચિ વિશે વિચારવિમર્શ કરવો જોઈએ. ટુર્નામેન્ટ કૌંસ બનાવો—જેમ કે બાસ્કેટબોલ ટુર્નામેન્ટ માટે ઉપયોગમાં લેવાય છે—ટીમના નામોની જગ્યાએ ઉજવણી કરવા માટેના સ્થાનો સાથે.

બે સ્પર્ધકોને એકબીજાની સામે હરીફાઇમાં ઉતરવા માટે પસંદ કરવા જોઈએ. ખેલાડીઓએ એકબીજાને વારાફરતી આ પૂછવું જોઈએ: **આપણે _____ ની ઉજવણી ક્યાં કરવી જોઇએ?** ખેલાડીઓએ એ સમજાવવું જોઈએ કે પરિવારે તે સ્થળે ઉજવણી કરવી જોઈએ તેવું તેમને કેમ લાગે છે.


જ્યારે બધી પ્રવૃત્તિઓ હવે ધ્યાનમાં લેવામાં આવતી નથી, હવે કુટુંબના સભ્યો વિજેતા વત્તા માટે મત આપે છે અને પછી ત્યાં સાથે મળીને ઉજવણી કરે છે!

**ઉદાહરણ:**

શું આપણે પપ્પાનો જન્મદિવસ ઉજવશું? આપણે પપ્પાનો જન્મદિવસ દાદી અને દાદાના ઘરે ઉજવવો જોઈએ કારણ કે તે નજીકમાં આવેલું છે.

## કાર્ડ ટૉક

1. જમણી બાજુએ આપેલી પ્રેરક સૂચનાઓનો ઉપયોગ કરીને કાર્ડનો એક સંપુટ બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.




**સૂચકો:**

તમે તમારા મિત્રની મુલાકાત ક્યારે લીધી હતી?

તમે સંગીતના વર્ગ પછી ક્યાં ગયા હતા?

તમારા શિક્ષકે પ્રોજેક્ટ તરીકે શું ફાળવ્યું છે?

આપણે શનિવારે ક્યાં જવું જોઈએ?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો. આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

## કામ પહેલાં પૂર્ણ કરવું

1. કારણો અને પરિણામો વિશે વારાફરતી વાત કરો. પૂછો: શું થાય છે/થયું જ્યારે...
   - **તમે અન્યોને મદદ કરો છો/મદદ કરી**
   - **તમે તમારા કામો કરો છો/કર્યાં**
   - **તમે એક નવી પ્રવૃત્તિ અજમાવો છો/અજમાવી જોઈ**
   - **તમે એક નવી શાળા એ જાઓ છો/ગયા હતા**
2. એક ખેલાડી પાસે 30 સેકન્ડ માટે પ્રથમ કૃત્યની અસરોનું વર્ણન કરાવડાવો.
3. બદલો અને બીજા એક ખેલાડી પાસે 30 સેકન્ડ માટે તે પછીના કૃત્યનું વર્ણન કરાવડાવો.
4. ખેલાડીઓએ અસરોનું વર્ણન કરવા માટે સંપૂર્ણ વાક્યોનો ઉપયોગ કરવો જોઈએ.

**ઉદાહરણ:**

હું જ્યારે નવી શાળાએ ગયો/ગઈ ત્યારે મેં નવા મિત્રો બનાવ્યા.

તમે કોઈ નવી પ્રવૃત્તિ અજમાવો તો ક્યારેક તમને નવું કૌશલ્ય મળી આવે છે.

જ્યારે હું વર્ગમાં પ્રશ્ન પૂછું છું ત્યારે, શિક્ષક મને શીખવામાં મદદ કરે છે.

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર ચાલવા નીકળો. શાળામાં શું ચાલી રહ્યું છે તે વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **મને તમારા મનપસંદ શિક્ષક વિશે કહો.**
- **આ અઠવાડિયે તમે શું શીખ્યા છો?**
- **તમારા વર્ગમાં મુલાકાતી ક્યારે આવ્યા હતા?**
- **તમે _____ ગયા ત્યારે શું થયું?**
- **તમને વિજ્ઞાન પસંદ છે કે ઇતિહાસ?**

તેમને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

તમે આ અઠવાડિયે શું શીખ્યા? હું સંગીતના વર્ગમાં એક નવું ગીત શીખ્યો/શીખી.

## વાત જણાવો

તમારા ઘરે કરવાના હોય છે તેવા રોજિંદા ઘરકામ વિશે તમારા બાળક સાથે વાત કરો. દરેક ઘરકામ કોણ પૂરું કરશે તે વિશે સાથે મળીને એક યોજના બનાવો. ત્યારબાદ, તમારા બાળકને તે આયોજન પરિવારના બાકીના સભ્યો સમક્ષ પ્રસ્તુત કરવામાં મદદ કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **તમે કપડાં ધોઈ શકો તે પહેલાં તમારે શું કરવું જરૂરી છે?**
- **તમે તમારો રુમ સાફ કરો ત્યારે તમારે શું કરવું અનિવાર્ય છે?**
- **તમે ____ ત્યારે તમારે શું ____ અનિવાર્ય છે?**
- **શું પપ્પા બાથરુમ સાફ કરી શકે?**
- **શું ______?**
- **શું તમારો ભાઈ વાસણો ધોવા ઇચ્છે છે?**
- **શું ______?**

હવે પછીના વારામાં, તમે સમુદાયમાં સ્વયંસેવક કેવી રીતે બની શકો તે વિશે વાત કરશો!

## સુપર સૉર્ટ

1. એક ટેબલ ઉપર રાંધવાના 5-10 વાસણો મૂકો
2. દરેક ખેલાડીએ બે ઑબ્જેક્ટ પસંદ કરવા જોઈએ અને બીજા પ્લેયરને સંપૂર્ણ વાક્યોનો ઉપયોગ કરીને ઑબ્જેક્ટ્સ કેવી રીતે સમાન છે તેનું વર્ણન કરવા માટે પ્રોમ્પ્ટ કરવું જોઈએ
3. પછી, ખેલાડીઓએ અન્ય ખેલાડી સાથે વસ્તુઓની આપ-લે કરવી જોઈએ અને જ્યાં સુધી દરેકને સંકેત આપવા અને જવાબ આપવાનો વારો ન આવે ત્યાં સુધી રમત ચાલુ રાખવી જોઈએ
4. એકવાર દરેકને સરખામણી કરવાનો વારો આવ્યો, પછી સમાનતાઓ દ્વારા વસ્તુઓને સૉર્ટ કરવા માટે સાથે મળીને કામ કરો

**ઉદાહરણ:**

_______ અને ______ કેવી સમાનતા ધરાવે છે?

વર્ણવો કે ____ અને ____ વચ્ચે કેવી સમાનતા છે.

Lexia ENGLISH™ LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #9

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. તમારા બાળકના માનીતા પુસ્તક, ફિલ્મ, અથવા ટીવી શૉમાંથી વારાફરતી દૃશ્યો દોરો.
3. દરેક વારા પછી, દૃશ્યો વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:
   - **આ દૃશ્યમાં શું થઈ રહ્યું છે?**
   - **_____નું વર્ણન કરો.**
   - **મને તેના/તેણીના _____ વિશે જણાવો.**
   - **જ્યારે _____ થયું ત્યારે શું થયું હતું?**
   - **આ પાત્ર એ ____ કેમ ન કર્યું?**
   - **_____ વિશે આશ્ચર્યજનક બાબત કઈ છે?**

**ઉદાહરણ:**

આ પાત્ર દુકાને કેમ ન ગયું? તેઓ દુકાને જવાના હતા, પરંતુ તેને બદલે તેઓ પાર્કમાં ગયા.

## તેનો અભિનય કરો

1. આ સૂચિમાંથી એક કાલ્પનિક દૃશ્યાવલી પસંદ કરો:
   - **અવકાશી જીવ સાથે મુલાકાત**
   - **એક મત્સ્યકન્યા તરીકે જીવન**
   - **તમે એક અલૌકિક શક્તિ ધરાવતા હોવાની જાણ થવી**
   - **વિશ્વકપ જીતવો**
   - **તમારા માનીતા પુસ્તકના પાત્ર તરીકે જીવન**
   - **ડ્રેગનની સવારી**
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને તે કાલ્પનિક દૃશ્યાવલી શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

મને અવકાશયાન વિશે જણાવો.
લેસર બીમની અગત્યતા સમજાવો.
તમે કેટલા સમયથી ગેલેક્સીમાં ભ્રમણ કરી રહ્યાં છો?
શું અવકાશી જીવ ગામમાં ગયો હતો?

## લિસનિંગ લેબ

મોટેથી વાંચવું અથવા વાર્તા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

- **તમારા જીવનની એક અગત્યની ઘટના**
- **કંઈક અનપેક્ષિત બન્યું હોય તેવો સમય**
- **તમે સામનો કર્યો હોય તેવો એક પડકાર**
- **તમારે લેવો પડ્યો હોય તેવો એક મોટો નિર્ણય**
- **તમે જાણતા હોવ તેવા સૌથી રસપ્રદ વ્યક્તિ**
- **તમે કોઈ રસપ્રદ જગ્યાનો કરેલો પ્રવાસ**

ત્યારબાદ નીચે આપેલી સૂચિમાંથી પ્રશ્નો પૂછો:

- **_____નું વર્ણન કરો.**
- **_____ની અગત્યતા વર્ણવો.**
- **તમે _____ કેમ કર્યું/ન કર્યું?**
- **મારે માટે _____ વિશે આશ્ચર્યજનક બાબત કઈ હતી?**
- **તમે તે પછીથી શું કર્યું?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

કોલેજ વિશે મને આશ્ચર્ય પમાડનારી બાબત કઈ હતી? તે ઘણુંબધું કામ હોવા છતાં, તે ખૂબ મજેદાર હતું.

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #9

## વાત જણાવો

તમારા બાળક સાથે ભોજનનું આયોજન કરો. વાનગી પસંદ કરવા અને તમને જરૂર પડશે એવી સામગ્રીઓની ખરીદીની યાદી તૈયાર કરવા માટે એકસાથે મળીને કામ કરો. ત્યારબાદ, સાથે મળીને ભોજન બનાવો અને તમારા પરિવાર સાથે જમો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નીચે આપેલા પ્રશ્નોનો ઉપયોગ કરો:

- મને તમારી માનીતી વાનગી વિશે જણાવો.
- કેટલા ____ એ ____ છે?
- આપણને કેટલા મીઠાંની જરૂર છે?
- વધુ સોડમ લાવવા માટે આપણે શેનો ઉપયોગ કરી શકીએ?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
આપણને કેટલા લોટની જરૂર છે? આપણને બે કપ લોટની જરુર છે.

## ફોટો બૂથ

પરિવારના સભ્યો રોજિંદા પ્રવૃત્તિઓ કરી રહ્યાં હોય તેના ફોટા પાડો, જેમકે રસોઈ કરવી, અથવા શાળાએ જવા માટે તૈયાર થવું. ત્યારબાદ, તે ફોટાનો ઉપયોગ પરિવારના દરેક સભ્ય શું કરી રહ્યાં છે તે વિશે વાત કરવા માટે કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- અહીં શું થઈ રહ્યું છે?
- તમે મને ____ વિશે બીજું શું જણાવી શકો?
- તમારા માનવા અનુસાર ____ શું કરી રહ્યાં છે?
- તમે એવું કેમ માનો છો કે ____ એ ____ છે તે સમજાવો?
- ____ અહીં શા માટે હતો/હતી/હતા?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:** તમારા માનવા અનુસાર તમારી બહેન શું કરી રહી છે? મારી બહેને તેના પજામા પહેર્યાં છે, તે સૂવા જઈ રહી હોય તેવું હોઈ શકે..

## 21 પ્રશ્નો

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ પસંદ કરે છે. અન્ય ખેલાડીઓ તે રહસ્યમય વસ્તુ વિશે એક વખતે એક કળ મેળવવા માટે વારાફરતી પ્રશ્નો પૂછે છે. ખેલાડીઓ તેમણે અંદાજો કરી જવાબ આપતા પૂર્વે કુલ 21 પ્રશ્નો પૂછી શકે છે.

કળ ભેગી કરવા માટે તમે પૂછી શકો તેવા થોડા પ્રશ્નો અહીં આપેલા છે:

- તે વસ્તુ કેટલી ભારે છે?
- તે વસ્તુ કઠણ છે કે નરમ?
- જો તે વસ્તુને ____ કરવામાં આવે તો શું થશે?
- ____ની સરખામણીમાં તે વસ્તુ કેવી રીતે અલગ પડે છે?
- તે વસ્તુનો રંગ ક્યો છે?

**ઉદાહરણ:**
વૃક્ષની સરખામણીમાં તે વસ્તુ કેવી રીતે અલગ પડે છે? વૃક્ષને પાંદડા હોય છે, પરંતુ આ વસ્તુને તે હોતા નથી

## આગળ વધો

તમારા બાળક સાથે સ્થાનિક બગીચા અથવા પાર્કમાં હરો-ફરો. તમને ભૂફલક (લૅન્ડસ્કેપ)માં શું દેખાય છે તે વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- છોડ/વૃક્ષોને વર્ણવો.
- આ વિસ્તારમાં માટીનું ધોવાણ શેને લીધે થયું છે?
- જ્યારે આપણે નિંદણ દૂર કર્યું ત્યારે શું થયું?
- પંખીએ પોતાનો માળો ત્યાં કેમ બનાવ્યો તે વિશે તમે શું માનો છો તે સમજાવો.
- પાણીના વહેણ વિશે આશ્ચર્યજનક બાબત શું છે?
- વૃક્ષો ઉપર કેટલી ખિસકોલીઓ છે?

તેમને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
જો વરસાદ પડે તો રસ્તાને શું થશે? જો વરસાદ પડે, તો રસ્તો કાદવવાળો બની જશે.

© 2024 Lexia, a Cambium Learning Group company.

LE-SAH9GUJ-1224

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #10

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## કામ પહેલાં પૂરું કરવું

1. વારાફરતી અનુમાનો લગાવો. કહો: **હવામાનની આગાહી ____ અથવા નહિ.** આ ઉદાહરણો વડે ખાલી જગ્યા પુરો:
   - **શાળાનો પ્રોજેક્ટ મુશ્કેલ હશે**
   - **સોકરની રમત મજેદાર હશે**
   - **રાત્રિનું ભોજન સ્વાદિષ્ટ હશે**
   - **નવા પાડોશીઓ મૈત્રીપૂર્ણ હશે**
   - **કોયડો (પઝલ) સહેલો હશે**
2. એક ખેલાડીને 30 સેકન્ડમાં પ્રથમ વસ્તુનું અનુમાન લગાવવા કહો.
3. ખેલાડી બદલો અને તેને ત્યાર પછીની વસ્તુ માટે 30 સેકન્ડમાં અનુમાન લગાવવા કહો.
4. ખેલાડીઓએ અનુમાનોનું વર્ણન કરવા માટે પૂરાં વાક્યોનો ઉપયોગ કરવો જોઈએ.

**ઉદાહરણ:**

આ યોજના સંભવત: મુશ્કેલ નહિ કારણ કે તે મારા માનીતા વિષય વિશે છે.

## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

**સૂચકો:**

તમે તમારા મિત્રો સાથે ક્યારે રમો છો?
તમે મને ____ વિશે શું જણાવી શકો?
મારી નવી હેરકટ (વાળ કપાવવાની છટા) વિશે તમે શું માનો છો?
તમને શાળાનું ભોજન કેટલું ગમે છે?

**ઉદાહરણ:**

તમે તમારા મિત્રો સાથે ક્યારે રમો છો? જ્યારે પણ મારી પાસે ખાલી સમય હોય છે, હું મારા મિત્રો સાથે રમું છું.

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો. આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

## 21 પ્રશ્નો



શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ પસંદ કરે છે. અન્ય ખેલાડીઓ તે રહસ્યમય વસ્તુ વિશે એક વખતે એક કળ મેળવવા માટે વારાફરતી પ્રશ્નો પૂછે છે. ખેલાડીઓ તેમણે અંદાજો કરી જવાબ આપતા પૂર્વે કુલ 21 પ્રશ્નો પૂછી શકે છે. કળ ભેગી કરવા માટે તમે પૂછી શકો તેવા થોડા પ્રશ્નો અહીં આપેલા છે:

- **ખાનગી વસ્તુ વિશે શું અનોખું છે?**
- **શું તમે એવું કહેશો કે ખાનગી વસ્તુ અને ____ના દેખાવમાં ઘણી સામ્યતા છે કે પછી તેઓ ઘણા જ અલગ છે?**
- **શું ખાનગી વસ્તુ ____ જેટલી ____ છે?**

**ઉદાહરણ:**

શું તે વસ્તુ એક વ્યક્તિ જેટલી મોટી છે? આ વસ્તુ એક વ્યક્તિ જેટલી મોટી નથી

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #10

## સુપર સોર્ટ

1. કૂતરાં અથવા બિલાડીઓના 5-10 ચિત્રો ભેગાં કરો.
2. દરેક ખેલાડીએ બે ચિત્રો પસંદ કરવા જોઈએ અને તે વસ્તુઓ કેવી રીતે સામ્યતા ધરાવે છે કે અલગ છે તે બીજા ખેલાડીને પૂરાં વાક્યોમાં સમજાવીને સૂચન આપવા જોઈએ.
3. ત્યારબાદ, ખેલાડીઓએ તેમના પસંદ કરેલા ચિત્રોમાંના એકની અદલાબદલી બીજા એક ખેલાડી સાથે કરવાની હોય છે અને વારો લેવા તથા જવાબ આપવાનો બધાનો વારો આવી જાય ત્યાં સુધી રમત ચાલુ રાખવાની હોય છે.
4. એક વાર સરખામણી કરવાનો બધાનો વારો આવી જાય તે પછી, ચિત્રોને સામ્યતાઓને આધારે ગોઠવવા માટે એકસાથે કામ કરો.

**ઉદાહરણ:**
તમે આ બિલાડીઓ ઘણેઅંશે સમાન દેખાય છે એવું કહેશો કે ઘણી અલગ દેખાય છે એવું કહેશો? તેઓ ઘણી અલગ દેખાય છે કારણ એક એક કાળી છે અને એક કેસરી છે.



## વાત જણાવો

તમારા બાળક સાથે પડકારોનો સામનો કરવા વિશે વાત કરો. તેમણે ઘરે અથવા શાળાએ કોઈ પડકારનો સામનો કર્યો હોય તેવા સમય વિશે વિચારવા તેમને જણાવો. ત્યારબાદ, તેમણે કેવી રીતે પ્રતિસાદ આપ્યો, આગળ જતાં શું થયું, અને તે અનુભવથી તેઓ શું શીખ્યા તે વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નીચે આપેલા પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **તમારી સામે ______ થી કેવી રીતે પડકારો ઊભા થયા?**
- **તમે ______ કેવી રીતે પાર પાડ્યું/પાડ્યા?**
- **તમને _____ કરવા માટે થઈને શેની જરૂર છે?**
- **______ નો વધુ સારો વિકલ્પ ક્યો છે?**

**ઉદાહરણ:**
સોંપેલા કામ (અસાઇનમેન્ટ)ને છેલ્લી ઘડી સુધી બાકી રાખવાથી વધુ સારો વિકલ્પ ક્યો છે? રાહ જોવાને બદલે વહેલી શરુઆત કરવી કે ઓછું તણાવદાયક છે.

## ફોટો બૂથ

એકસાથે મળીને નકશાઓ વાંચવાનો મહાવરો કરો! એક ઑનલાઇન નકશો શોધો અથવા તમારી પાસે કાગળ પરનો નકશો હોય તો તેનો ઉપયોગ કરો. ત્યારબાદ, તમારા ઘર ઉપરાંત વધારાના જાણીતા સ્થળો અંકિત કરો (દા.ત. શાળા, કરિયાણાની દુકાન, પાર્ક, પૉસ્ટ ઑફિસ, મિત્રનું ઘર). તે દરેક સ્થળ વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **_____ કરતાં _____ દૂર છે/પાસે છે?**
- **આપણા ઘરથી કઈ જગ્યા વધુ દૂર છે, _____ કે ______?**
- **તમે મને _____ વિશે શું જણાવી શકો?**
- **_____ વિશે અનોખી બાબત કઈ છે?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
પાર્ક વિશે અનોખી બાબત કઈ છે? આપણા ઘરથી સૌથી નજીકના પાર્કમાં એક મોટી લસરપટ્ટી છે.


## સ્પર્ધાનો સમય

તમારા પરિવારની માનીતી વાનગી જાણવા માટે એક સ્પર્ધા યોજો. દરેક ખેલાડીએ માનીતી વાનગીઓની સૂચિ વિશે વિચારવિમર્શ કરવો જોઈએ. સ્પર્ધાનું એક માળખું તૈયાર કરો-બાસ્કેટબૉલ પ્લેઑફમાં ઉપયોગમાં લેવાય છે તેવું-જેમાં ટીમના નામને બદલે વાનગીઓ હોય.

બે સ્પર્ધકોને એકબીજાની સામે હરિફાઇમાં ઉતરવા માટે પસંદ કરવા જોઈએ. ખેલાડીઓએ એકબીજાને વારાફરતી આ પૂછવું જોઈએ: _____ **વિશે તમે શું માનો છો?** ખેલાડીઓએ દરેક વાનગી વિશે તે સૌથી સ્વાદિષ્ટ હોવાનું તેઓ કેમ માને છે તે સમજાવવું જોઈએ.

જ્યારે તમામ વાનગીઓ ધ્યાનમાં લેવાઈ જાય ત્યારે, ત્યારે પરિવારના સભ્યો જીતેલી વાનગી માટે મત આપશે અને ત્યારબાદ સાથે મળીને તે બનાવશે અને ખાશે!

**ઉદાહરણ:**
તમે Abuela's pupusas વિશે શું વિચારો છો? તે મેં ખાધા હોય તેવા સૌથી ઉત્તમ pupusas છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.